# આપણા અભ્યાસક્રમો વર્લ્ડક્લાસ અભ્યાસક્રમો જેટલા જ સમૃદ્ધ છે

શિક્ષણના હેતુઓ સુધી પહોંચવા માટે અનેક પગથિયાં ચડવા પડે છે. જેમાંનું એક પગથિયું અભ્યાસક્રમ છે. શિક્ષણના હેતુઓ દેશ અને કાળને અનુરૂપ બદલાતા રહે છે. પરિણામ સ્વરૂપ અભ્યાસક્રમો પણ બદલાતા રહે છે. જે રાજ્ય કે સમાજ સમયાંતરે અભ્યાસક્રમ બદલે નહીં તે પોતાની નવી પેઢીને જૂની પઢી સાથે જ ચાલવાનું સૂચવે છે. સમયાંતરે અભ્યાસક્રમ નહીં બદલનારો સમાજ સમયની સાથે ચાલી શકતો નથી, અને જે સમયની સાથે નથી ચાલતો તેનું પતન થતું હોય છે. આ પતન શારીરિક, માનસિક, આર્થિક, નૈતિક, ઔદ્યોગિક, ટેકનિકલ કે અન્ય કોઈ પણ સ્વરૂપનું હોઈ શકે. માનવીના વિચારો બદલાયા તે મુજબ તેની જરૂરિયાતો પણ બદલાતી જાય છે. માનવીને યોગ્ય વિચારો કરતો કરવાનું અને તેની જરૂરિયાતો પૂર્ણ કરવાનું કામ શિક્ષણ દ્વારા જ શક્ય છે. માટે જ સમય બદલાય તેમ વિચારો બદલાય છે અને જરૂરિયાતો પણ બદલાય છે. જે મુજબ અભ્યાસક્રમો પણ બદલાવા જોઈએ. અહીં એક અન્ય ચિંતન પણ કરી શકાય કે, વિચાર બદલાય છે તેને સમય બદલાયો તેમ પણ કહી જ શકાયને! આમ સમય, વિચાર અને જરૂરિયાતો આધારિત શિક્ષણના હેતુઓ નક્કી થવા લાગ્યાં અને ત્યાં સુધી પહોંચવા માટે અભ્યાસક્રમો ઘડાયા.

દુનિયાના કેટલાક દેશો શિક્ષણક્ષેત્રે ઝડપથી પરિવર્તન લાવીને પોતાની નવી પેઢીને સતત તાજી જ રાખે છે. આવા દેશો ખૂબ જ ઝડપથી પ્રગતિ કરે છે, જેનો લાભ જેતે દેશના તમામ નાગરિકોને મળે છે. આવા દેશો દુનિયાના અન્ય દેશ સામે ગૌરવથી ઊભા રહી શકે છે, પોતાની વાત મક્કમતાથી રજૂ કરી શકે છે અને સૌથી વધુ લાભ ઉઠાવીને પોતાના નાગરિકોને ફાયદો કરી આપે છે. આવી જગજાહેર વાત છાની ન જ રહે. તેનો પ્રચાર અને પ્રસાર થાય જ. જેથી હવે દુનિયાના બધા જ દેશોએ તે વાતનો સ્વીકાર કરી લીધો છે અને નબળા ગણાતા દેશો પણ અન્ય સમૃદ્ધ દેશની નજીક પહોંચવા માટે શિક્ષણનો આશરો લેવા માંડયા છે. આજે દુનિયાના તમામ દેશ-રાજ્ય-સમાજ બદલાતા જતાં પ્રવાહ સાથે પોતાના નાગરિકોમાં પણ પરિવર્તન લાવવા ઇચ્છે છે, પોતાની આવતી નવી પેઢીને એ રીતે તૈયાર કરવામાં માને છે અને તે રીતના જરૂરી પ્રયત્નો પણ કરે છે. ત્યારે દરેક દેશ એકબીજાની મદદ લઈને પોતાના પ્રયત્નોને વધુ સંગીન બનાવે છે. પરિણામે માત્ર આર્થિક રીતે જ નહીં પણ શૈક્ષણિક રીતે બે દેશો વચ્ચે સંબંધ સ્થપાય છે. જે બદલાતી જતી દુનિયાના હિતમાં જ છે. નાની બનતી જતી દુનિયા એક વિરાટ સ્વરૂપે આગળ વધી રહી છે. તેમાં શિક્ષણનો ફાળો અનન્ય છે જ.

આજે દુનિયાના દરેક દેશને અન્ય દેશ પાસેથી સારી બાબતો સ્વીકારવામાં સહેજ પણ નાનપ નથી અને દરેક દેશ અન્ય દેશને મદદ કરવા માટે પણ તૈયાર છે. એક દેશના નાગરિકને બીજા દેશના નાગરિકને મળવામાં સહેજ પણ મુશ્કેલી નથી, આજનો વેપારી પોતાનો ધંધો માત્ર પોતાના સમાજ પૂરતો મર્યાદિત ન રાખતા તે આંતરરાષ્ટ્રય વેપારી બની ગયો છે. તેની સાથે છેલ્લાં કેટલાંક વર્ષોથી એક દેશ બીજા દેશના વિદ્યાર્થીને પણ સ્વીકારતા થયા છે. જેમાં બંને દેશનું હિત સમાયેલું જ છે. આમ આજનો વિદ્યાર્થી પોતાના ગામ-શહેર કે રાજ્યનો વિદ્યાર્થી ન બની રહેતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી બની ગયો છે. પરિણામ સ્વરૂપ દરેક દેશના અભ્યાસક્રમો

દરેક દેશમાં ફરતા થઇ ગયા છે. આમ છતાં કેટલાક દેશ પોતાની આગવી જરૂરિયાત અને આગવા ચિંતનને કારણે નવા અભ્યાસક્રમો ઘડવામાં મોખરે છે. આવા અભ્યાસક્રમો જોઇને કેટલાક દેશના ચિંતિત નાગરિકોને ક્યારેક પોતાના દેશના અભ્યાસક્રમોથી સંતોષ થતો નથી. વિકાસશીલ દેશના નાગરિકો વિકસિત દેશના અભ્યાસક્રમો અપનાવવા લાગ્યા છે. જે એકંદરે નવા વિશ્વવને ફાયદારૂપ બાબત સાબિત થાય છે.

આજે ભારતનો વિદ્યાર્થી ભારતનો જ ન રહેતાં વિશ્વનો વિદ્યાર્થી બની ગયો છે. તે ભારત છોડીને અન્ય દેશમાં અભ્યાસ કરવા સહેલાઇથી નીકળવા લાગ્યો છે અને અન્ય દેશ તેને સરળતાથી સ્વીકારતા પણ થયા છે. ખાસ ઉભરીને આવે તેવી બાબત એ પણ છે કે દુનિયાના અન્ય દેશો કરતાં ભારતીય વિદ્યાર્થી વધુ મહેનતુ ગણાય છે. જે આપણા માટે ગૌરવ લેવા જેવી બાબત પણ છે. આજે ભારતનો વિદ્યાર્થી વિશ્વના અન્ય દેશમાં અભ્યાસ કરવા જાય છે ત્યારે તે પોતાની પાસે રહેલું કેટલુંક ભાથું પણ લઇને જાય છે. આ ભાથું એટલકે કે શાળા-કોલેજ કક્ષાએ તેણે મેળવેલ શિક્ષણ. આ પાયારૂપી શિક્ષણને આધારે જ તે અન્ય દેશમાં અભ્યાસ કરે છે. તે સમયે તેને લગભગ કોઈ મુશ્કેલી પડતી નથી. એનો અર્થ એવો થયો કે તેણે ભારતમાં જે શિક્ષણ મેળવ્યું તે યોગ્ય પ્રકારનું હતું. એટલકે તેનો પાયો મજબૂત હતો. આ પાયા પર જ તે વધુ શિક્ષણ મેળવે છે. નવું જ્ઞાન-શિક્ષણ સમજવામાં કે સ્વીકારવામાં તેને કોઇ મર્યાદા નથી નડતી. જેનો અર્થ એવો કરી શકાય કે આપણા દેશમાં અપાતું શિક્ષણ અન્ય દેશમાં અપાતા શિક્ષણથી સહેજ પણ ઉતરતી કક્ષાનું નથી. હા ...જે તે શિક્ષણ આપવાની પદ્ધતિ જુદી હોઇ શકે પણ વિષયવસ્તુ લગભગ સમાન પ્રકારનું છે. આપણા દેશની કેટલીક મર્યાદાઓ જેમકે વસ્તી વધારો, ગરીબી, અજ્ઞાનતા, નિરક્ષરતા વગેરેની વચ્ચે રહીને અભ્યાસ કરતો વિદ્યાર્થી જે પણ પ્રાપ્ત કરે છે તે ઓછું નથી. આ વિદ્યાર્થીને પરદેશમાં જ્યારે અભ્યાસ કરવાની તક મળે ત્યારે તે ખૂબ જ સહેલાઇથી પોતાનો અભ્યાસક્રમ પૂર્ણ કરી શકે છે. જે સાબિત કરે છે કે અનેક મર્યાદાઓ વચ્ચે પણ આપણે ચોક્કસ પ્રકારના અભ્યાસક્રમો વિદ્યાર્થીને પૂરા પાડી શકીએ છીએ. માત્ર પૂરા જ પાડતાં નથી પણ તે સારી રીતે પૂર્ણ પણ કરાવી શકીએ છીએ. માટે તો તે પરદેશમાં ટકી શકે છે, પરદેશના અભ્યાસક્રમો સ્વીકારી શકે છે અને પરદેશના અભ્યાસક્રમોને આત્મસાત્ કરી શકે છે. આમ જોતાં આપણાં અભ્યાસક્રમો અન્ય દેશોના અભ્યાસક્રમો કરતાં ઉતરતી કક્ષાના છે તેવું માનવું તદ્દન ભુલભરેલું છે. તેમાં પણ આપણે કોઇ ચોક્કસ વિદ્યાશાખાના અભ્યાસક્રમમાં જ સમૃદ્ધ છીએ એવું નથી, આપણે દુનિયામાં ચાલતા તમામ અભ્યાસક્રમોની બરાબરી કરી શકીએ છીએ. માટે તો આજનો ભારતીય વિદ્યાર્થી દુનિયાના કોઇપણ દેશના કોઇપણ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા સશક્ત છે અને તેને સારી રીતે પૂર્ણ કરવા પણ સશક્ત છે. માટે જ આપણે ગૌરવ સાથે કહેવું જોઇએ કે, “આપણા અભ્યાસક્રમો વર્લ્ડકલાસ અભ્યાસક્રમો જેટલાં જ સમૃદ્ધ છે”